

# ૧ ખિસ્સામાં પહેલવાન? હા!

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :


એક ચણો ખાડામાં પડ્યો,
પથ્થર વાગ્યો તેથી રડ્યો.
અંતે આંસુ ખૂટ્યાં સાવ,
ખાડામાંથી બન્યું તળાવ.
ચણો તળાવમાં પલળી ગયો,
તેથી જબરો જાડો થયો,
ફરફરતી મૂછ ઊગી એક,
અને ચણાએ મારી ઠેક.
તાવ ચડાવે મૂછે ચણો,
મલકમલક મલકાતો ઘણો
પછી કહે કે હું બળવાન,
ફૂંક મારું તો પડે વિમાન.
વાઘ તો ઉંદર જેવો છે,
સિંહ છછુંદર જેવો છે,
પહેલવાન હું પાકો છું,
હાથીડાનો કાકો છું.
એવામાં એક ચકલી ચીં,
ફરફર કરતી આવી જી,
રાજીરાજી ઘણી થઈ,
ચકલી ચણો ચણી ગઈ.

- રમેશ પારેખ

## ૨ ચિત્ર ધ્યાનથી જુઓ, તેનું વર્ગ સમક્ષ સરસ વર્ણન કરો.



*સૌ પ્રથમ તો આખી વાર્તા/ગદ્યખંડનું પહેલેથી છેલ્લે સુધી રસાળ પઠન કરો. ત્યારબાદ મૂકવાંચન કરાવો પછી વર્ગના બધા વિદ્યાર્થીઓનો વારો આવી જાય તે રીતે આખી વાર્તા એક વાર મોટેથી વંચાવો. આ એકમ ચાલે ત્યાં સુધી આ રીતે, બેથી ત્રણ વખત વાર્તા મોટેથી વાંચવાની થાય તેવું આયોજન કરો. દરેક પાન નીચે ચાર શબ્દો વિદ્યાર્થી જાતે પસંદ કરીને લખે તે જુઓ.*

| ફરફરતી • જબરો | મને ગમતા શબ્દો | • હાથીડાનો કાકો |
|---|---|---|



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

# શેરીથી શર્ટ સુધી

એક હતું ખિસ્સું, નાનકડું ને નમણું! પણ સાવ રખડુ. એ નવાનવા બુશકોટ જુએ તો એને થાય, 'આવા બુશકોટ પર બેસવાની કેવી મજા પડે!' એ દોડીને બુશકોટ પાસે જાય. બુશકોટ એને જોઈને મોઢું બગાડે ને કહે, ''ખસ, આઘું ખસ, ભાગ અહીંથી.''

ખિસ્સું કહે, ''એમ શું કહો છો બુશકોટભાઈ! મને તમારી સાથે બહુ ગમે છે.''

બુશકોટભાઈ કહે, ''તું રખડુ છે. જ્યાં ત્યાં રખડ્યા કરે છે, એટલે કેવું ગંદું ને ગંધારું છે! તને જોઈ સૂગ ચડે છે. તારી સાથે વાતેય કોણ કરે!''

રોજેરોજ બુશકોટભાઈ એને ગંદું ને ગંધારું કહે. તેથી એક દિવસ ખિસ્સું રડી પડ્યું. એની આંખમાંથી સફરજન જેવડાં આંસુનાં ટીપાં પડવા માંડ્યાં. ટપટપ... ટપટપ... ટપટપ...



થોડીવારમાં આંસુનું ખાબોચિયું ભરાઈ ગયું. ખિસ્સું ખાબોચિયામાં પલળી ગયું. એના પર ચોંટેલી ધૂળ ધોવાઈ ગઈ. એ ઊજળું ઊજળું ને ચોખ્ખુંચોખ્ખું થઈ ગયું.

ખિસ્સું રડતું બંધ થયું. એણે આંખ પટપટાવીને જોયું. એનાથી હસી પડાયું.

એ બોલ્યું, ''વાહ, વાહ! હવે હું રૂપાળુંરૂપાળું થઈ ગયું.''

એ તો રોફથી ચાલવા લાગ્યું.

પછી ઝગમગ ઝગમગ થતા સૂરજદાદા આવ્યા. ખિસ્સું સૂરજદાદાની લાંબીલાંબી મૂછો જોઈને બી ગયું. સૂરજદાદા હસતાં હસતાં બોલ્યા, ''એય બચુડા, બીશ નહીં, તું તો ભીંજાયેલું છે. આવ, મારી પાસે આવ. તને સૂકવી દઉં.'' એમ કહી સૂરજદાદાએ હાથ લંબાવ્યા.

ખિસ્સું ટપુક દઈને સૂરજદાદાના ખોળામાં બેસી ગયું. સૂરજદાદાએ ખિસ્સાની ઉપર વહાલથી હાથ ફેરવ્યો. ત્યાં એ સુકાઈ ગયું.

સૂરજદાદા બોલ્યા, ''કેમ બચુકડા! હવે તું રડીશ નહીં ને?''



• ઉદાસ • | મને ગમતા શબ્દો | • બુશકોટભાઈ

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**ગૃહકાર્ય : ખિસ્સાને ખોળામાં બેસાડી સૂકવતા સૂરજદાદા દોરો.**

ખિસ્સું ડોક હલાવી બોલ્યું, ‘‘ના રે ના, સૂરજદાદા, હવે હું નહીં રડું.’’

એમ કહી હસતાં હસતાં બોલ્યું, ‘‘સૂરજદાદા, સૂરજદાદા, હવે હું ફાઈન લાગું છું, નહીં!’’

સૂરજદાદા કહે, ‘‘હવે તું વહાલુંવહાલું લાગે છે, બચુકડા.’’

પછી સૂરજદાદા હસતાં હસતાં એમનું કામ કરવા ચાલતા થયા. ખિસ્સું હરખાતું હરખાતું દરજીભાઈ પાસે ગયું. દરજીભાઈ તો નીરજભાઈના નવા નવા બુશકોટ સીવે. નેહાબહેનનાં ફ્રોક, મેક્સી, વનપીસ સીવે.

ખિસ્સું હસતાં હસતાં દરજીભાઈને કહે, ‘‘દરજીકાકા, કેમ છો? મને નીરજભાઈ બહુ ગમે છે. મને તેમના નવાનવા બુશકોટ પર બેસાડી દો.’’

દરજીભાઈએ ખિસ્સા સામે જોયું. બોલ્યા, ‘‘અરે એય, શું છે? નીરજભાઈના બુશકોટ પર તો હું નવું ને સરસ ખિસ્સું ચોંટાડવાનો છું. તું કરચલીવાળું છે. મારે તારું કામ નથી. ભાગ અહીંથી.’’

દરજીભાઈએ ખિસ્સાને દુકાનમાંથી હાંકી કાઢ્યું.

ખિસ્સું રડી પડ્યું. રડતાં રડતાં ચાલ્યું. રસ્તામાં ધોબીની દુકાન આવી. ધોબીભાઈ દુકાનમાં નિરાંતે સૂતા હતા. રડવાનો અવાજ સાંભળી તે જાગી ગયા. જુએ તો, ખિસ્સું ઊભું ઊભું રડે છે. તેનાં આંસુથી તો ધોબીભાઈનાં કપડાં ભીનાંભીનાં થઈ ગયાં હતાં.

ધોબીભાઈ તો ખિસ્સાની ઉપર ખિજાઈ ગયા. બોલ્યા, ‘‘બચોળિયા, ભાગ અહીંથી, મારાં કપડાં બગાડી નાખ્યાં. આટલું બધું રડે છે કેમ? તને કોણ વઢ્યું છે?’’

ખિસ્સું રડતાં રડતાં બોલ્યું, ‘‘મને કરચલી પડી છે ને એટલે દરજીકાકા નીરજભાઈના બુશકોટ પર ચોડતા નથી. એટલે મને રડવું આવે છે.’’

ધોબીભાઈ કહે, ‘‘એમ વાત છે? અહીં આવ, તારી કરચલી ચપટી વગાડતાં છૂ કરી દઉં.’’

ધોબીભાઈએ ઈસ્ત્રી ગરમ કરીને ખિસ્સા માથે મૂકી દીધી. ખિસ્સું એવું દાઝ્યું કે એનાથી ચીસ પડાઈ ગઈ. ધોબીભાઈ કહે, ‘‘ચૂપ....’’

ધોબીભાઈએ જોરજોરથી ઈસ્ત્રી ફેરવવા માંડી. થોડીવારમાં ખિસ્સાની બધી કરચલીઓ ગૂમ...!



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

ખિસ્સું હસી પડ્યું. કહે, ''ધોબીકાકા, થેન્ક યુ. તમે તો કમાલ કરી. હું તો એકદમ કડક ને ફાંકડું થઈ ગયું.''

ધોબીભાઈને આવજો કહી ખિસ્સું દરજીભાઈની દુકાને ગયું. દરજીભાઈને કહે, ''જુઓ, હવે તો હું એકદમ નવુંનક્કોર થઈ ગયું છું. મને નીરજભાઈના બુશકોટ પર ચોટાડશો ને?''

દરજીભાઈ કહે, ''અરે વાહ! ખરેખર, તું તો સરસ સરસ લાગે છે. ચાલ, બેસી જા નીરજભાઈના બુશકોટ પર.''

ખિસ્સું તો હસવા લાગ્યું. ફેરફુદરડી ફરતું ફરતું બેસી ગયું. તેને નીરજભાઈના બુશકોટ પર બેસવાની મજા પડી ગઈ. દરજીભાઈએ સંચો ચલાવ્યો. ભરરરર.... ભરરરર.... ને ખિસ્સું નીરજભાઈના બુશકોટ પર ચોંટી ગયું.



સાંજે નીરજભાઈ બુશકોટ લેવા માટે આવ્યા. એ પોતાનો નવો બુશકોટ જોઈ રાજી થઈ ગયા. બચુકડા ખિસ્સા પર હાથ ફેરવીને બોલ્યા, ''અરે વાહ! કેવું મજાનું ખિસ્સું છે! મને બહુ ગમ્યું.''

ખિસ્સું હસી પડ્યું.

નીરજભાઈ નવોનવો બુશકોટ પહેરી બાલમંદિરે જાય તો તેની સાથે બચુકડું ખિસ્સુંય બાલમંદિરે જાય. નીરજભાઈ રમવા જાય તો ખિસ્સુંય રમવા જાય. નીરજભાઈ સૂઈ જાય તો ખિસ્સુંય સૂઈ જાય.

**- રમેશ પારેખ**

- **વાતચીત :**
  - વાર્તામાં તમને ક્યારે ક્યારે દુઃખ થયું? વાર્તામાં તે જગ્યાએ ☹ દોરો. ક્યારે ક્યારે સારું લાગ્યું? વાર્તામાં તે જગ્યાએ ☺ દોરો.
  - વાર્તામાં તમને ગમી ગયાં હોય તેવાં બે વાક્યો વાંચી સંભળાવો.
  - તમને એક ખિસ્સાવાળું ફ્રોક/શર્ટ ગમે કે વધારે ખિસ્સાવાળું? કેમ?
  - શર્ટના ખિસ્સામાં શું મૂકી શકાય? ને પેન્ટના ખિસ્સામાં?
  - મોટા માણસો તમારી સાથે કેવી રીતે વાત કરે તો તમને ગમે?
  - મમ્મી, પપ્પા અને ઘરનાં બીજાં બધાંમાં કોનાં કપડાં પર ખિસ્સું નથી હોતું? કેમ?
  - આ વાર્તામાં બન્યું એવું ખરેખર તો બનતું નથી. તો પણ મજા કેમ આવે છે?



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૪ જૂથમાં કામ કરો. અભિનય સાથે બોલો.

૧. એમ શું કહો છો બુશકોટભાઈ! મને તમારી સાથે બહુ ગમે છે.

૨. તને જોઈને સૂગ ચડે છે. તારી સાથે વાતેય કોણ કરે!

૩. હવે તું વહાલુંવહાલું લાગે છે, બચુકડા!

૪. મારે તારું કામ નથી. ભાગ અહીંથી.

૫. એય બચોળિયા, મારાં કપડાં બગાડી નાખ્યાં.

૬. અરે એમ વાત છે? આવ અહીં, તારી કરચલી ચપટી વગાડતાં છૂ કરી દઉં.

૭. હું એકદમ કડક ને ફાંકડું થઈ ગયું.

## ૫ વાક્ય સાચું હોય તો બોલો 'ફાંકડું' અને ખોટું હોય તો બોલો 'ગપલું'.

૧. ખિસ્સું રખડુ હતું. તેથી ચકાચક ચોખ્ખું હતું.

૨. ખિસ્સાની આંખમાંથી સફરજન જેવડાં આંસુ ટપક્યાં.

૩. પોતાનાં આંસુથી ધોવાઈને ખિસ્સું સાફ થઈ ગયું.

૪. સૂરજદાદાએ ખિસ્સા સાથે ગુસ્સાથી વાત કરી.

૫. સૂરજદાદાની ગરમીથી દઝાઈ જતાં ખિસ્સાથી ચીસ પડાઈ ગઈ.

૬. દરજીકાકાએ કરચલીવાળા ખિસ્સાને કાઢી મૂક્યું.

૭. ધોબીભાઈએ ઈસ્ત્રી ફેરવી ખિસ્સાને કડક બનાવી દીધું.

૮. ખિસ્સું હવે નીરજભાઈની સાથે ને સાથે જ રહે છે.

## ૬ આવું કોણ બોલી શકે ?

૧. ........................... : અરે વાહ! આવું મજાનું ખિસ્સું તો મને બહુ ગમે.

૨. ........................... : આવ દીકરા, બીશ નહીં.

૩. ........................... : એય બચ્ચું, ચલ ભાગ અહીંથી.

૪. ........................... : ઓ મા! બહુ ગરમ લાગે છે.

૫. ........................... : એય ખિસ્સા, આવી જા. બેસાડું તને નવાંનવાં કપડાં પર.

## ૭ ખિસ્સું આવું કોને કહેશે?

૧. ગમે તે કરવું પડે, પણ એક દિવસ તો તમારી ઉપર બેસી જ જઈશ. ..................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૨. સૉરી, મારા લીધે તમે બધાં પલળી ગયાં. ..............................................

૩. મનેય તમે અને તમારાં કપડાં ખૂબ ગમે. ..............................................

૪. તમે દેખાઓ છો ગુસ્સાવાળા પણ છો વહાલથી ભરેલા! ..............................

૫. કોઈ મને પાસે નથી રાખતું, એટલે મને દુઃખ થાય છે. ..............................

• **ગીતડું... એક ચણો ખાડામાં પડ્યો...**

**૮ વાર્તામાં આવું કઈ રીતે કહ્યું છે? (ઘરકામ)**

| | | | |
|---|---|---|---|
| ખૂબ ઊજળું | : ઊજળુંઊજળું | ખૂબ લાંબી | : ............... |
| ઘણું વહાલું | : ............... | ઘણાં ભીનાં | : ............... |
| ભારે હરખથી | : ............... | વધારે સરસ | : ............... |
| એકદમ નવો | : ............... | અતિશય રૂપાળું | : ............... |
| ખૂબ જોર દઈને | : ............... | એકદમ ચોખ્ખું | : ............... |

**૯ પ્રશ્નોના જવાબ લખો.**

૧. ખિસ્સું કેટલી વાર રડે છે? ક્યારે ક્યારે?

૨. ખિસ્સાને કોણ કોણ રાજી કરે છે? કઈ રીતે?

૩. કોણ ખિસ્સા પર એકપણ વાર ખિજાતું નથી? તેઓ ખિસ્સાને કઈ કઈ રીતે બોલાવે છે?

૪. ધોબીકાકાનો સ્વભાવ ગુસ્સાવાળો છે કે માયાળુ? તમને કઈ વાતથી ખબર પડી?

૫. 'ખિસ્સાને શર્ટ પર સીવવું' આ વાત વાર્તામાં બીજી કઈ કઈ રીતે કહેવાઈ છે?

૬. ખિસ્સું ફેરફુદરડી શા માટે ફરે છે?

૭. ખિસ્સું નીરજભાઈની સાથે ભણે, રમે, જમે, સૂએ છે તો તે હવે ગંદું થશે? તે ગંદું થશે તો નીરજભાઈ તેનું શું કરશે? કેમ?

૮. તમે મોટા થઈને ખિસ્સામાં કઈ કઈ વસ્તુઓ રાખશો? કેમ?

**૧૦ તમે પોતે ખિસ્સું છો એ રીતે આ વાર્તા વર્ગમાં કહો. "જ્યારે હું સાવ નાનું હતું ને ત્યારે ખૂબ રડતું હતું." આમ શરૂ કરો. (જોડીકાર્ય)**



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**⑪ <u>સફરજન</u> <u>જેવડાં</u> આંસુ એટલે મોટાં મોટાં આંસુ. આવાં બીજાં શબ્દજૂથ બનાવો.**

.............. જેવડી આંખ .............. જેવડા કાન ............ ............ જીભ

.............. જેટલું લેસન .............. જેટલું દફતર ............ ............ ચોટલો

**⑫ આવું વારંવાર કરતી વ્યક્તિને શું કહેવાય?**

[રખડુ, રોતલ, ભટકેલ, ઊંઘણશી, વાતોડિયું, ભુખાળવું, ખાઉધરું, ડરપોક, ભણેશરી, લખેશરી]

૧. ઊંઘ્યા કરવાની કેવી મજા આવે! ..............................

૨. ઓ મા! તેને તો પાંદડું હલે તોય બીક લાગે. ..............................

૩. ગમે તેટલું ખાઉં, મને ધરવ ન થાય. ..............................

૪. કોઈ ન મળે તો ટપુ તો એકલો એકલો વાતો કરે. ..............................

૫. હું તો સતત ભણભણ જ કરું. ..............................

૬. હું તો આમતેમ ફર્યા જ કરું. ..............................

૭. હું વારેઘડીએ રસ્તો ભૂલી ક્યાંક બીજે ફર્યા કરું. ..............

૮. અંજલિને લખ્યા કરવું ખૂબ ગમે. ..............

૯. કોઈ મારા પર સહેજ ખિજાય કે હું રડી પડું. ..............

૧૦. હર્ષવીને થોડીથોડી વારે ભૂખ લાગે. ..............

૧૧. ........................................................................................ લપલપિયું

- **ગીતડું ગાશોને? 'એક ચણો ખાડામાં પડ્યો...'**

**⑬ જવાબ વિચારીને 'મારું પ્રિય વસ્ત્ર' વિશે લખો.**

**૧.** તમારું પ્રિય પરિધાન કયા રંગનું છે? **૨.** તે કયા કાપડનું બનેલું છે? તેનો સ્પર્શ તમને કેવો લાગે છે? **૩.** તે કયા કયા પ્રસંગે, કઈ કઈ જગ્યાએ પહેરી શકાય? **૪.** તેને પહેરવામાં, ધોવામાં કોઈ ખાસ કાળજી રાખવી પડે છે? કઈ કઈ? **૫.** તે તમને કેમ ગમે છે?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## મારું પ્રિય વસ્ત્ર

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

..............................................................................................................

### ૧૪ સંવાદ પૂરો કરો. પછી ભજવો.

**પાત્રો : ખિસ્સું, બુશકોટ, દરજી, ધોબી, સૂરજ, નીરજ**

(ખિસ્સું નવા બુશકોટ પાસે જાય છે.)

**બુશકોટ :** ખસ, આઘું ખસ, ભાગ અહીંથી.

**ખિસ્સું :** ..............................................................................................

**બુશકોટ :** તું રખડેલ છે. જ્યાં ત્યાં રખડ રખડ કરે છે એટલે ..............................

(ખિસ્સું રડી પડે છે. આંસુના ખાબોચિયામાં આળોટે છે. હવે તે સાફ થઈ ગયું છે. પોતાને સાફ જોઈ હસી પડે છે.)

**ખિસ્સું :** ..............................................................................................

(ખિસ્સું રોફથી ચાલે છે. સૂરજદાદા ઝગમગ કરતા આવે છે. ખિસ્સું ડરી જાય છે.)

**ખિસ્સું :** બાપ રે! ગરમાગરમ સૂરજભાભા!

**સૂરજદાદા :** ..............................................................................................

(ખિસ્સું કૂદીને સૂરજદાદાના ખોળે બેસી જાય છે. સૂરજદાદા તેને વહાલ કરતાં કરતાં સૂકવે છે.)

**સૂરજદાદા :** જો, મારી ગરમીનો ફાયદો લઈ લે, વહાલુડા..............................

**ખિસ્સું :** ..............................................................................................

**સૂરજદાદા :** ..............................................................................................

(ખિસ્સું હરખાતું હરખાતું દરજીભાઈ પાસે જાય છે.)

**ખિસ્સું :** ..............................................................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**દરજી :** ........................................................................................................

(ખિસ્સું રડતાં રડતાં ધોબીની દુકાન પાસે આવે છે. તેનું રડવાનું ચાલે છે.)

**ધોબી (ખિજાઈને) :** ........................................................................................

**ખિસ્સું (રડતાં રડતાં) :** ....................................................................................

**ધોબી :** ........................................................................................................

(ધોબી ઈસ્ત્રી ગરમ કરે છે. ખિસ્સા ઉપર મૂકે છે.)

**ખિસ્સું (ચીસ પાડીને) :** ....................................................................................

**ધોબી :** ........................................................................................................

(ધોબી જોરજોરથી ઈસ્ત્રી ફેરવે છે. ખિસ્સું કડક થઈ જાય છે.)

**ખિસ્સું (હસતાં હસતાં) :** ............... આવજો.

(ખિસ્સું દરજીની દુકાને જાય છે.)

**ખિસ્સું :** ......................................................................................................

**દરજી :** ........................................................................................................

(ખિસ્સું ફેરફુદરડી ફરે છે. દરજી સંચો ચલાવી ખિસ્સાને બુશકોટ પર લગાવે છે. નીરજભાઈ શર્ટ જુએ છે.)

**નીરજ :** થેન્ક યુ દરજીકાકા. ..........................................................................

(ખિસ્સું હસી પડે છે.)

હવે ખિસ્સું અને નીરજભાઈ ................................................................................

**૧૫ એક સભ્ય પાઠ મોટેથી વાંચશે. બાકીના ગણશે કે 'ખિસ્સું' વાર્તામાં પ્રવૃત્તિ....... ના સંવાદોમાં (.) વાળાં...... (?) વાળાં...... અને (!) વાળાં...... વાક્યો છે. તેમાંથી બે-બે વાક્ય અહીં લખો. (જોડીકાર્ય)**

[.] : ..................................................................................................

..................................................................................................



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

[?] : ..........................................................................................

..........................................................................................

[!] : ..........................................................................................

..........................................................................................

- **ગીતડું ગાશું ને! 'એક ચણો ખાડામાં પડ્યો...'**

**૧૬ આપેલ સંવાદ મોટેથી વાંચો.**

૧. આરવ : તને ખબર છે, ગજવું એટલે શું?

નીરવ : માપિયું? દૂધ માપવા વપરાય તેવું?

આરવ : અરે ના! ગજવું એટલે ખિસ્સું.

નીરવ : હેં? ખિસ્સાને ગજવું કહેવાય?

આરવ : હા, ખિસ્સાને ગજવું પણ કહેવાય!

૨. જાગૃતિ : ખબર છે, કાચબો કેટલું જીવે?

જ્યોત્સ્ના : મને ખબર છે-સો વરસ.

જ્યોતિ : શી વાત કરે છે! કાચબો સો વરસ જીવે?

જાગૃતિ : હા, કેટલાક કાચબા તો તેથીય વધુ જીવે.

જ્યોતિ : સો વરસ! કેટલું બધું કહેવાય, નહીં!

૩. મમ્મી : માણસને કેટલી આંખ હોય?

ઋતા, શ્રેય : બે વળી.

મમ્મી : પક્ષીઓને?

ઋતા, શ્રેય : બે જ હોય ને! પ્રાણીઓને પણ.

મમ્મી : મધમાખીને?

શ્રેય : એક

ઋતા : ત્રણ?

મમ્મી : મધમાખીને પાંચ આંખ હોય. આ ચિત્ર જુઓ.

ઋતા, શ્રેય : ઓહો મધમાખીને પાંચ આંખ હોય!







Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**૧૭ જૂથમાં કામ કરો. નીચેનાંમાંથી કોઈપણ ત્રણ વાક્યો પરથી સંવાદ બનાવો અને વર્ગ સમક્ષ રજૂ કરો.**

૧. ઈયળનું લોહી ઠંડું હોય છે.

૨. દેડકાં શિયાળા-ઉનાળામાં ઊંઘી જાય છે.

૩. વરુ એ કૂતરાંનાં દાદા-દાદી છે.

૪. એક મોબાઈલ બનાવવા ૧૦૦૦ લિટર પાણી વપરાય છે.

- **રજૂ કરેલા સંવાદોમાંથી જે સંવાદ તમને ગમી જાય તે અહીં નોંધી લો.**

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

..........................................................................................................................................

**૧૮ વિગત વાંચો અને તેના આધારે સૂચના મુજબ કામ કરો.**

- 'ડાકણ' એટલું સાંભળતાં જ જયા, મયૂર અને ઋતુ ગભરાઈ ગયાં. શિક્ષકે તેમને પોતાની પાસે બેસાડ્યાં અને અંશુલને કહ્યું, ‘‘કર હવે જાદુ.’’ તે પછી અંશુલે વર્ગ સમક્ષ લીંબુ કાપ્યું. લીંબુમાંથી લોહી જેવું ટપક્યું.

**જોડકાં જોડો :**

| જવાબ | પ્રશ્ન |
|---|---|
| ૧. જયા, મયૂર અને ઋતુ | અંશુલે લીંબુ ક્યારે કાપ્યું? |
| ૨. વર્ગમાં | કોણ કોણ ગભરાઈ ગયાં? |
| ૩. શિક્ષકના કહ્યા પછી | ડરેલાં બાળકોની બીક કેમ જતી રહી? |
| | અંશુલે જાદુ ક્યાં કર્યો? |

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- બોધરાજ તો વળી નિશાળેથી છૂટી શહેરમાં, શહેરની બહાર રખડવા જતો. તે પંખી, જીવજંતુને ધ્યાનથી જોતો. એમ કરતાં તે તેમના વિશે ઘણી અવનવી વાતો શીખી ગયો હતો. તેને ડર લાગતો ન હતો.

**જોડકાં જોડો :**

| જવાબ | પ્રશ્ન |
|---|---|
| ૧. બોધરાજ | બોધરાજ ક્યાં રખડવા જતો? |
| ૨. શહેરમાં, શહેર બહાર | નિશાળેથી છૂટી બોધરાજ શું કરતો? |
| ૩. ધ્યાનથી જોઈ જોઈને | નિશાળેથી છૂટી કોણ રખડવા જતું? |
| ૪. નિશાળેથી છૂટી | બોધરાજ જીવજંતુ-પક્ષીઓ વિશે કેવી રીતે જાણકાર બન્યો? |
| ૫. રખડતો | બોધરાજ ક્યારે રખડવા જતો? |

- નવ વર્ષનો દિવ્યેશ શાળાના સમય પહેલાં અને પછી તેના પપ્પાને કામમાં ટેકો કરે. તે જેટલો મહેનતુ તેટલો જ હોશિયાર અને અવનવું બનાવવામાં પ્રવીણ. મિત્રોના જન્મદિવસે તે 'વેસ્ટમાંથી બેસ્ટ' ભેટ બનાવી બધાંને આપતો.

**આપેલા જવાબ માટે ઉપરનો ફકરો ફરીથી વાંચી પ્રશ્નો બનાવો.**

| જવાબ | | પ્રશ્ન |
|---|---|---|
| ૧. દિવ્યેશ | : | ........................................................................ |
| ૨. નવ વર્ષ | : | ........................................................................ |
| ૩. વસ્તુઓ બનાવવામાં | : | ........................................................................ |
| ૪. શાળા સમય સિવાય | : | દિવ્યેશ પપ્પાને ક્યારે મદદ કરતો? |
| ૫. જન્મદિવસે | : | ........................................................................ |
| ૬. વેસ્ટ/નકામી વસ્તુમાંથી | : | ........................................................................ |



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **બપોરે મંછી મિન્ટુડાને રામજીબાપાના ખેતરે લઈ ગઈ. બાપા કહે, "એક શરતે રહેવા દઉં. તારે કામમાં ટેકો કરવાનો." ગોળના થપ્પા જોયા પછી મિન્ટુડો તો ત્યાં રહેવા ઊછળી પડેલો.**

**ટૂંકમાં જવાબ લખો : (ઘરકામ)**

| | |
|---|---|
| ૧. કોણ? ........................................ | ૪. ક્યારે? ........................................ |
| ૨. ક્યાં? ........................................ | ૫. કેમ? ........................................ |
| ૩. શું? ........................................ | ૬. કોને? ........................................ |

**(૧૯) જોડકાં જોડો. તે પછી દરેક સવાલ-જવાબની જોડ ફટાફટ બોલો.**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧. કેમ? | ● હું, અમે, તમે |
| ૨. કેવી રીતે? | ● એમ |
| ૩. શું? | ● અહીં કે ત્યાં |
| ૪. ક્યારે? | ● ત્યારે, તે સમયે |
| ૫. કોણ? | ● આમ, આ રીતે |
| ૬. ક્યાં? | ● આ, પેલું કે તે |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| ૧. કેમ? | ● જગ્યા |
| ૨. શું? | ● કારણ |
| ૩. કોણ? | ● વસ્તુ, શબ્દ, વાક્ય, વાત |
| ૪. કોને? | ● રીત |
| ૫. ક્યાં? | ● રીત અને કારણ |
| ૬. શા માટે? | ● સમય |
| ૭. કઈ રીતે? | ● જેના પર ક્રિયાની અસર થાય તે |
| ૮. કેટલું?/કેટલાં? | ● કરનાર વ્યક્તિ |
| ૯. ક્યારે? | ● જથ્થો, સંખ્યા, પ્રમાણ |

- **ગીતડું ગાશુંને! 'એક ચણો ખાડામાં પડ્યો...'**

**(૨૦) અભિનય કરો :**

(૧) બિલાડીની જેમ દૂધ પીઓ. (૨) બોખી વ્યક્તિની જેમ ખાઓ તથા બોલો.

(૩) દાંતની સફાઈ અને કોગળા કરો. (૪) તમને પગમાં ખાલી ચડી ગઈ છે.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૨૧ ગીત : પઠન - ગાન

### હુર્રે...હુર્રે... દાંત આવ્યા

હુર્રે હુર્રે અક્ષયજીને દાંત આવ્યા.
મોંના ફ્લેટમાં છ-સાત ભાડવાત આવ્યા.
તે અહિંસક હતું ને તકલાદી હતું
મોઢું અક્ષયનું સાવ ગાંધીવાદી હતું!
બોખા મોંમાં હથિયારો-તાકાત આવ્યાં.
હુર્રે હુર્રે અક્ષયજીને દાંત આવ્યા



તમે અક્ષયને સાવ ભૂખો મારતા હતા
મોઢામાંહી બોટલનો ડૂચો મારતા હતા!
એને નીરતા'તા હાય હાય કેવો ખોરાક.
દૂધ જ એની રોટલી ને એ જ એનું શાક..
હવે ભેળ, ભૂસું, ભજિયાં ને ભાત આવ્યાં
હુર્રે હુર્રે અક્ષયજીને દાંત આવ્યા



એને પેઢામાં ઠેરઠેર ચળ ઊપડે,
નાખે મોઢામાં જે કોઈ વસ્તુ જડે.
શિર ઝુકાવી, એ પહેલાં તો 'જે જે' કરે.
પછી લાગ જોઈ, બરડામાં બચકું ભરે!
દાંત સાથ સાથ ઝઘડો-પંચાત આવ્યાં.
હુર્રે હુર્રે અક્ષયજીને દાંત આવ્યા.



જીભને મોંમાં સૂનું સૂનું લાગતું હતું
દાંત તો શું દંતુડિયુંય આવતું ન'તું!
હવે આવ્યા તો લઈને બારાત આવ્યા
હડિપ્પા ભલ્લે ભલ્લે ભલ્લે ભલ્લે...!
હુર્રે હુર્રે અક્ષયજીને દાંત આવ્યા.

- ઉદયન ઠક્કર

- **વાતચીત :**
  - "હુર્રે...હુર્રે..." જુદી જુદી રીતે બોલો.
  - અક્ષયભાઈનું કયું વર્તન તમને સૌથી વધુ ગમ્યું?
  - અક્ષયભાઈનું ગીત સાંભળીને તમને કોણ યાદ આવ્યું? કેમ? તેમની વાત કહો.



મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- દાંત આવતા હોય એવા કોઈ બાળકે તમને બચકાં ભર્યાં છે? એ અનુભવ વર્ગમાં કહો.
- તમારા ઘરમાં કોણ કોણ બોખું છે? તેમને દાંત કેમ નથી?
- અક્ષયને દાંતનું ચોકઠું બનાવીને અપાય? કેમ?
- બોખી વ્યક્તિ શું ન ખાઈ શકે? કેમ?
- તમને શું ચાવવાનું સૌથી વધુ ગમે?
- પક્ષી તેમજ પતંગિયાં, ઇયળ જેવાં જંતુ ખોરાક કેવી રીતે ખાય?
- તમે દાંતની કાળજી રાખવા માટે શું શું કરો છો?

**૨૨ શબ્દોના અર્થ જાણો. તે શબ્દનો ઉપયોગ કરી નવું વાક્ય બનાવો.**

- **ભાડવાત :** ભાડૂઆત, ભાડૂત, ભાડું આપી રહેનાર

૧. કેટલાંક લોકોને પોતાનું ઘર હોય છે. જ્યારે કેટલાક ભાડૂઆત તરીકે રહે છે.
૨. જાનકીના કાકા મુંબઈ નોકરી કરે છે. તેઓ ત્યાં ભાડવાત તરીકે રહે છે.
૩. ..........................................................................................

- **ચળ :** ખંજવાળ, ખણ, એક જ કામ વારંવાર કરવાની ઇચ્છા

૧. વાગ્યા પછી નવી ચામડી આવે ત્યારે ત્યાં ચળ આવે છે.
૨. અમને વાર્તા સાંભળવાની ચળ ઊપડે છે.
૩. ..........................................................................................

- **લાગ :** તક, યોગ્ય સમય

૧. ગરોળી લાગ જોઈને જીવડાં પર તરાપ મારે છે.
૨. એક પગે ઊભા રહેલા બગલાએ લાગ મળતાં જ માછલી પકડી લીધી.
૩. ..........................................................................................

- **નીરવું :** ઢોરને ઘાસ નાખવું

૧. ઉત્તરાયણને દિવસે બધા ગાયને ઘાસ નીરે છે.
૨. અમે અમારી ભેંસને સવાર-સાંજ ઘાસ નીરીએ છીએ.
૩. ..........................................................................................

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

- **હિંસક :** બીજાને નુકસાન કરનાર

  ૧. સિંહ હિંસક હોય છે. તે પ્રાણીઓને મારે છે.

  ૨. હિંસક પ્રવૃત્તિ કરનારને પોલીસ પકડી જાય છે.

  ૩. ..........................................................................................

**૨૩ ગીતને આધારે વિકલ્પો પસંદ કરીને પ્રશ્નોના ઉત્તર આપો. સાચા વિકલ્પ સામે 'હુર્રે' તથા ખોટા વિકલ્પ સામે 'ફૂર્રે ફૂર્રે' લખો.**

૧. અક્ષયજીની ઉંમર લગભગ કેટલી હશે?

૭૦-૮૦ વર્ષ ............., ૧૦-૧૨ મહિના ............., ૧૦-૧૨ વર્ષ .............

૨. અક્ષયના મોંમાં કેટલા દાંત આવ્યા છે?

છ અને સાત ............., છ અથવા સાત ............., છ તેથી સાત .............

૩. 'લઈને બારાત આવ્યા' એટલે?

દાંત વરઘોડો કાઢીને આવે છે. ............., દાંતનાં જીભ સાથે લગ્ન છે. .............,

આગળના દાંત આવ્યા પછી બીજા દાંત અને દાઢ પણ ફૂટવા માંડ્યાં. .............

૪. નાનાં બાળકો દરેક વસ્તુ મોઢામાં નાખે છે, કારણ કે...

દાંત ફૂટે ત્યારે તેમને ખંજવાળ આવતી હોય છે તેથી. .............,

બાળકોને બધું જ ભાવતું હોય છે તેથી. .............,

મમ્મી બાળકને બધી વસ્તુ ખાવા આપે છે તેથી. .............

**૨૪ વાક્યોને ગીતની કઈ પંક્તિ લાગુ પડશે? શોધો અને તમારી નોટબુકમાં લખો. (જોડીકાર્ય)**

**ઉદાહરણ :** દાંત આવવાથી અક્ષયની શક્તિ પહેલાં કરતાં વધી ગઈ છે.

બોખા મોંમાં હથિયારો-તાકાત આવ્યાં!

૧. એકલું દૂધ ને દૂધ જ પીવાનું તે કાંઈ ગમે?

૨. દાંત આવ્યા એટલે જાતભાતના સ્વાદવાળી વસ્તુઓ ખાઈ શકાય છે.

૩. મોંના ઘરમાં થોડા જણ રહેવા આવ્યા છે, મોટી ઉંમરે ઘર ખાલી કરી દેશે.

૪. આ મોઢાના ઘરમાં તો દાંત વિના હું સાવ એકલીઅટૂલી હતી.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

૫. નમસ્તે કરવાના બહાને હું તો બચકું ભરવાની મજા લઈ લઉં છું.

૬. આહા! આહા! મજામજા!

૭. અક્ષયને તો રોટલી કે શાક, જે ગણો તે ફક્ત દૂધ જ.

**૨૫ અહીં કેટલાક શબ્દો આપ્યા છે. એમને અક્ષયના 'દાંત આવતાં પહેલાં' કે 'દાંત આવ્યા પછી' એમ કઈ પરિસ્થિતિને લાગુ પડે છે તે રીતે અમને ખાનામાં લખો.**

રોટલી, શાંત, શક્તિ, ચળ, સૂનું, જાન, હુર્રે, બચકું, ચવાણું, ડૂચો, બોખો, શેરડી, બૉટલ, ચચૂકા/ચિચૂકા, ચૉકલેટ, જામફળ, કેરી.

| દાંત આવતાં પહેલાં | દાંત આવ્યા પછી |
|---|---|
| | |
| | |

**૨૬ પ્રશ્નોના ઉત્તર લખો. ત્રણ ત્રણના જૂથમાં બેસો. કવિતાવાળું પાનું ખુલ્લું રાખી ઉત્તર નક્કી કરો. ત્યારબાદ વર્ગ સમક્ષ રજૂ કરો.**

૧. અક્ષય હોશિયાર છે કે નહિ? કેવી રીતે ખબર પડી?

૨. દાંતની સાથે ઝઘડો અને પંચાત આવ્યાં, એમ કેમ કહ્યું હશે?

૩. દાંત આખી જાન લઈને આવ્યા છે, એવું કેમ કહ્યું હશે?

૪. શું દાંત વગરના અક્ષયને તેનાં મમ્મી-પપ્પા ભૂખ્યો રાખતાં હશે? તો 'તમે અક્ષયને ભૂખો મારતા હતા' એમ કેમ કહ્યું હશે?

૫. અક્ષય નાનો હોવા છતાં એને માનથી કેમ બોલાવે છે?

૬. દાંત આવતાં પહેલાં જીભને એકલું લાગતું હશે ત્યારે એ શું શું કહેતી હશે?

**૨૭ નીચે આપેલા શબ્દો ઝડપથી બોલો. કયા અક્ષર બોલતી વખતે જીભ દાંતને અડે છે? કહો. આવા બીજા શબ્દો શોધો, બોલો.**

- તબડક તબડક તબાક તબડક
- થપ થપ થપ થપ થપાટ થપ
- ધડ ધડ ધડ ધડ ધડામ ધડ ધડ
- ટનનનનનનનનનનનનનન
- ઢિશૂમ ઢિશ ઢિશ ઢિશૂમ
- દડ દડ દડ દડ દડાક દડ દડ
- દે ધનાધન દે ધનાધન
- તડ તડ તડ તડ તડાક તડ તડ



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

**(૨૮) ધારો કે તમે સવારે ઊઠો ત્યારે તમને ખબર પડે કે તમારા દાંત ગાયબ થઈ ગયા છે. હવે તમે શું શું કરી શકો, શું શું ન કરી શકો? ચર્ચા કરો.**

**(૨૯) ત્રણના જૂથમાં કામ કરો. તમારા દાંતને પાછા બોલાવવા માટે વિનંતી કરતી ચિટ્ઠી લખો. (જૂથકાર્ય)**

..................................

..................................

મારા પ્રિય દાંત, તારીખ :

તમને કોગળા ભરીને યાદ.

આજે સવારે હું .......... ત્યારે મને ખબર પડી કે તમે અચાનક મારું મોઢું છોડીને ગાયબ થઈ .......... છો. .......... વિના મને કેટલી મુશ્કેલી પડે છે એ હું તમને કેવી રીતે કહું? હું .........., .........., .......... અને .......... જેવી વસ્તુઓ ખાઈ .......... નથી. તમે .......... ત્યારે આ બધી વસ્તુઓ ખાવાની કેવી .......... .........! તમને ખબર છે, આજે મારે માત્ર દૂધ પીને જ કામ ચલાવવું ..........! આમ તો શીરો મને .......... છે પણ તમે મોંમાં નથી ત્યારે મને એનોય સ્વાદ બદલાયેલો લાગે છે. હવે તમે આવી જશો તો આપણે સરસ સરસ વસ્તુઓ .......... . તમારી આજુબાજુ જીભબહેન ડાન્સ ......... . હું તમને ખૂબ ચોખ્ખા રાખીશ. સવાર સાંજ ........................................

..........................................................................................

મહેરબાની કરીને તમે પાછા આવી જાઓ ને! તમારા વગર મારાથી ઘણું કહેવા જેવું બોલાતું નથી. હે મારા વહાલા, ધોળા, રૂપાળા દાંત! હું તમને વિનંતી .......... .......... અને હા, સાથે દાઢબહેનને પણ લેતા આવજો અત્યાર સુધી મારી જે ભૂલ થઈ હોય એની માફી માગું છું.

તમારા આવવાની રાહ જોઉં છું. તમે આવશો તો મને રાહત થશે. તમને હું સારું સારું ખવડાવીશ, આવશો ને?


લિ. ..............................

..............................

 મને ગમતા શબ્દો

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૩૦ વાંચો, મજા કરો, સમજો, સમજાવો.




## ૩૧ હસીએ....

ચિન્ટુ (ડૉક્ટરને) : શું તમે દુખાવા વગર દાંત કાઢી શકો છો?

ડૉક્ટર : ના

ચિન્ટુ : હું કાઢી શકું છું.

ડૉક્ટર : કેવી રીતે?

ચિન્ટુ : હી હી હી હી

*દરેક એકમ પૂરો થાય એટલે શબ્દબૅન્કની રમત આવશે. એકમ ચાલતો હોય તે દરમ્યાન વિદ્યાર્થીઓ વર્ગ, શાળા કે ઘરમાં થતી વાતો, બજારમાં જોયેલી જાહેરાતો, બિલ વગેરે વાંચતી વખતે તેઓ નવા શબ્દોની નોંધ રાખે તેમ તેમને યાદ કરાવતા રહો. પાઠના અંતે પરંતુ તને સાંભરે રે... પહેલાં શબ્દબૅન્કની પ્રવૃત્તિ કરાવો.*

*આ ચોપડીમાં ન વાંચ્યો હોય અને વિદ્યાર્થીઓને નવો લાગતો હોય તેવો એક શબ્દ વારાફરતી બોલવા કહો. તેઓ જે શબ્દો બોલે તે બૉર્ડ પર નોંધતા જાઓ. તે જ વખતે તેમણે તે શબ્દ ક્યાં સાંભળ્યો/વાંચ્યો હતો તે પૂછો. શબ્દ વિશે ચર્ચા કરો. ત્યારબાદ, બૉર્ડ પર નોંધાયેલા બધા શબ્દો વિદ્યાર્થીઓને અહીં આપેલી જગ્યામાં નોંધી લેવા કહો.*

## ૩૨ લગભગ સરખા :

**આઘું**-દૂર, છેટું; **સૂગ ચઢવી**-અતિશય અણગમો થવો; **ખાબોચિયું**-પાણીથી ભરેલો નાનો ખાડો; **ભીંજાવું**-પલળવું; **નિરાંત**-ફુરસદ; **કરચલી**-કોઈ સુંવાળી સાફ વસ્તુ સંકોચાવાથી એમાં પડતો સળ; **કમાલ**-નવાઈ ઊપજાવે એવું, ઘણું સારું; **ફાંકડું**-રસિક, ફક્કડ; **કડક**-કઠણ, આકરું; **સંચો**-કપડાં સીવવાનું મશીન; **અતિશય**-ઘણું જ, પુષ્કળ; **હરખ**-આનંદ; **ધાબું**-ડાઘો, છાપરાને ઠેકાણે કરેલી અગાસી; **છાકો પાડવો**-ગર્વ કરવો, રોફ કરવો; **અવનવું**-નવી નવી જાતનું, નવતર; **જાણકાર**-જાણનાર; **ચોકઠું**-દાંતનું ચોકઠું, બારી કે બારણાં બેસાડવા ચાર લાકડાં સાલવીને કરેલો ચોખંડો ઘાટ; **બચકું**-કરડવું તે; **ગાયબ**-અલોપ, ગૂમ થયેલું; **કહ્યાગરું**-કહ્યું કરે એવું, આજ્ઞાંકિત; **ધમાલ**-ધમાચકડી; **ભાંખોડિયું**-ઘૂંટણિયું, ગોઠણ.

મને ગમતા શબ્દો



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in




## તને સાંભરે રે...

- કઈ પ્રવૃત્તિ તમને ખૂબ જ સહેલી લાગી?
- તમને બોલવો/સાંભળવો ગમે તેવો કયો સંવાદ/કડી તમને યાદ છે? બોલો.
- ચિત્ર સંબંધિત કોઈ કામ આપણે કરેલું? ક્યારે? શું?
- આપણે શું નવું શીખ્યાં? આપણે કઈ વાતે ખૂબ હસ્યાં હતાં?
- વાર્તા પૂરી થતાં પહેલાં તેમાં આગળ શું થશે તે તમને ખ્યાલ આવી ગયેલો? ક્યારે? કેમ?
- આ એકમમાં નવા શીખ્યા હોય તેવા કયા કયા શબ્દો તમને યાદ છે?
- ચણા પહેલવાનમાં કઈ વાતની તમને સૌથી વધુ મજા આવી?
- અક્ષયજીની કવિતા વખતે કોણે કોણે પોતાનાં ભાઈબહેનની વાત કરી હતી?
- કઈ પ્રવૃત્તિનો જવાબ લખવાની તમને સૌથી વધારે મજા આવી?
- નાટક ભજવતી વખતે તમે કયું પાત્ર બનેલાં? તે પાત્ર સરસ રીતે ભજવવા તમે શી કાળજી લીધી હતી?
- દરેક પાન પર તમને ગમતા શબ્દો તમે જાતે લખ્યા છે ને? તેમાંથી બે-ત્રણ શબ્દો બોલો.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in